# યોનાની બંદગી

## (ફ્રાધર વર્ગીસ પોલ)

યોના ગ્રંથની કથા એ બાઈબલની એક ખૂબ ગૂંચવણભરી કથા છે. પરંતુ તે એક રસભરી બોધકથા છે કે એક ઐતિહાસિક કથા છે એ અંગે બાઈબલના પંડિતોમાં મતભેદ છે. તેના લેખ વિશે ગ્રંથમાં કંઈ ચોક્કસ માહિતી નથી. છતાં પરંપરાગત માન્યતા પ્રમાણે રાજાઓના બીજા ગ્રંથમાં ઉલ્લેખ કરેલા નબી યોના જ 'યોના' ગ્રંથનું મુખ્ય પાત્ર અને એના લેખક છે. રાજાના બીજા ગ્રંથમાં પયગંબર યોના વિશે નિચેનો ઉલ્લેખ મળે છે.

“ઈસાયલના ઈશ્વર પ્રભુએ પોતાના સેવક ગાથ-હેફરના નબી યોના બિન અમિત્તાઈ મારફતે ઉચ્ચારેલી વાણી પ્રમાણે શમરૂનમાં (ઈસાયલના રાજા) યરોબામે હમાથની ઘાટથી તે મૃત સરોવર સુધીની ઈસાયલની સરહદ ફરી કબજે કરી, કારણ, પ્રભુએ જોઈ લીધું હતું કે ઈસાયલને કેવાં આકરાં દુઃખો વેઠવાં પડે છે અને ઈસાયલની વહારે ચડે એવું કોઈ રહ્યું ન હતું.”

'યોના' ગ્રથ બહાર યોના વિશે ફક્ત આ એક જ વાક્યની માહિતી આપણને મળે છે. છતાં ઘણાનું માનવું છે કે યોના ગ્રંથમાં પયગંબર યોનાના જીવનની વાસ્તવિક ઘટનાઓ અને એના જીવનકાર્યનું વર્ણન જ છે. જો કે, એમાં કાલ્પનિક અને ચમત્કારિક બાબતોનો પણ સમાવેશ થયો છે. બાઈબલના કેટલાક બીજા ગ્રંથમાં જુદા જુદા પયગંબરની વાત સાથે આવે છે. પણ 'યોન'ના ગ્રંથમાં ફક્ત પયગંબર યોનાની જ વાત આવે છે.

'યોના' ગ્રંથ કોઈ પૂર્વભૂમિકા વિના સીધા ઈશ્વર પ્રભુની હાકલથી જ શરૂ થાય છે, “અમિત્તાઈના પુત્ર યોનાને પ્રભુનો એવો સંદેશ મળ્યો કે, ઊપડ મહાનગરી નિનવે જા અને ત્યાંના લોકોને પુકાર કરીને કહે છે કે તેમનાં દુષ્કૃત્યોની મને જાણ થઈ છે.” અહીં ઈસાયલના એક પયગંબરને ઈશ્વર પ્રભુ ઈસાયલના કટ્ટર દુશ્મન અશુરોના પાટનગર નિનવે જવા હાકલ કરે છે.

યોના સમય પહેલાં આખી એક સદી સુધી દમાસ્કસના રાજા અને ઈસાયલ વચ્ચે સંઘર્ષો થયા હતા. દમાસ્કસનો રાજા સતત ઈસાયલ ઉપર જુલમ કરતો હતો અને તેણે ઈસાયલના અમુક સરહદી વિસ્તારો કબજે કર્યા હતા. એટલું જ નહિ, પણ ઈસાયલના શમરૂન રાજ્યની આંતરિક બાબતોમાં પણ દખલગીરી કરતો હતો. પરંતુ અસિરિયાના હાથે દમાસ્કસનું પતન થયું ત્યારે શમરૂનના રાજા યરોબામ બીજાએ ઈસાયલની બધી સરહદો કબજે કરી લીધી. ઈ.સ. પૂર્વે આઠમી સદીના સંદર્ભમાં ઈશ્વર પ્રભુ પયગંબર યોનાને તીગ્રિસ નદીને કિનારે આવેલા દુશ્મનોના પાટનગર નિનવે જઈ પોતાની પયગંબરી વાણી સંભળાવવા યાજ્ઞા કરે છે.

પણ પોતાની પયગંબરી વાણીથી પ્રેરાઈને પોતાની પ્રજા ઈસાયલના એ કટ્ટર દુશ્મનો પસ્તાવો કરે અને ઈશ્વર પ્રભુની સજામાંથી ઊગરી જાય એમ પયગંબર યોના ઈચ્છતો નથી. એટલે ઈશ્વરની આજ્ઞાનો ભંગ કરી યોના બીજે ભાગવા પ્રત્ન કરે છે. યોના સ્પેઈનના કિનારે આવેલા તાર્શિશ શહેરમાં જતા વહાણમાં ચડી જાય છે. પણ ઈશ્વર યોનાનો પીછો પકડે છે.

અનેક રમૂજી બનાવોથી ભરેલો યોનાનો ગ્રંથ નોંધે છે કે, "પ્રભુએ સમુદ્રમાં ભારે વાવાઝોડું મોકલ્યું અને એવું ભારે તોફાન થયું કે વહાણ તૂટું તૂટું થઈ ગયું. એટલે ખલાસીઓ ગભરાઈ ગયા અને પોતપોતાના દેવની પ્રાર્થના કરવા લગ્યા અને બોજો ઓછો કરવા માટે તેઓ વહાણમાં નો સામન વામવા લાગ્યા. પણ યોના વહાણના ભંડકમાં જઈને સૂઈ ગયો હતો અને ઘસઘસાટ ઊંઘતો હતો.".

વહાણ કપ્તાને આવી તેને કહ્યું, "ઓ ઊંઘણશી, ઊંઘ્યા શું કરે છે? ઊઠ, તારા દેવને ધા નાખ, જેથી તે કદાચ આપણા ઉપર દયા કરે અને આપણે મરતા બચી જઈએ."

યાનાએ દરિયાના ભારે તોફાનમાં ભયભીત થયેલા ખલાસીઓને કહ્યું, "હું યહૂદી છું અને આકાશના દેવ પ્રભુનો ભક્ત છું. જેણે સમુદ્ર અને ધરતી બંને સરજ્યાં છે." એણે વધુમાં તેમને કહ્યું કે, "હું પ્રભુથી ભાગી જાઉં છું." આથી તે ખલાસીઓ ખૂબ જ ડરી ગયા અને કહેવા લાગ્યા. "તેં આ શું કર્યું ?"

દરિયો વધુને વધુ તોફાની થતો જતો હતો., એટલે તેમણે તેને કહ્યું, "અમે તને શું કરીએ તો દરિયો શાંથ થાય ?"

તેણે કહ્યું, "મને ઉપાડીને દરિયામાં નાખી દો એટલે દરિયો શાંત થઈ જશે, કારણ, મને ખબર છે કે મારે કારણે તમારા ઉપર આ ભયંકર તોફાન આવ્યું છે."

વહાણના ખલાસીઓએ નાછુટકે યોનાના કહ્યા મુજબ એને ભરદિયામાં ફેંકી દીધો અને દરિયાનું તોફાન શમી ગયું. દરિયામાં ફેંકાયેલા યોનાને એક જબરદસ્ત માછલી ગળી ગઈ અને તે ત્રણ દિવસ અને ત્રણ રાત માછલીના પેટમાં રહ્યો. પછી પ્રભુએ માછલીને કહેતાં તેણે યોનાને કિનારા ઉપર વામી નાખ્યો.

યોનાને ફરી પ્રભુની વાણી સંભળાઈ, "ઊપડ, મહાનગરી નિનવે જા અને મારો સંદેશો તેને સંભળાવ." આથી યોના નિનવે ગયો. યોનાએ શહેરમાં ચાલવા માંડયું અને જાહેર કરવા લાગ્યો, "હવે ચાલીસ દિવસમાં નિનવેનો નાશ થશે."

નિનવેના લોકો ઈશ્વરનું કહ્યું માની ગયા. તેમણે ઉપવાસ જાહેર કર્યા ને મોટા-નાના સૌએ તપનાં વસ્ત્રો ધારણ કર્યા. ઈશ્વરે જોયું કે તેમણે દુષ્કૃતો છોડી દીધાં છે એટલે તેણે વિચાર બદલ્યો અને જે આફત ઉતારવાની ધમકી આપી હતી તે આફત તેમના ઉપર ઉતારી નહિ.

પણ ઈશ્વરની આ કરુણાથી ક્રોધી બનેલ યોના કહેવા લાગ્યો, "ઓ પ્રભુ, તું આમ જ કરશે એમ હું નહોતો કહેતો ? એટલા માટે જ તો હું અગમચોતી વાપરીને તાર્શિશ ભાગી ગયો હતો. મને ખબર હતી કે તું તો કૃપાળુ ને દયાળુ દેવ છે, તું સહિષ્ણું છે અને કરુણાનો સાગર છેઃ સજા કરવાનું માંડી વાળવા તું તો તૈયાર હોય છે." આથી યોનાને લાગ્યું કે જીવવા કરતાં મરવું બહેતર છે અને તેણે પ્રભુ આગળ પોતાના મૃત્યુની માગણી કરી. પણ પ્રભુએ એને કહ્યું. "તું આમ ગુસ્સે થાય છે તે વાજબી છે.?"

યોના માની શકતો નહતો કે ઈશ્વર પ્રભુ નિનવેનો નાશ કરવાની વાત માંડી વાળશે. એટલે તે શહેરની બહાર જઈને એક છાપરી નીચે બેસીને જોવા લાગ્યો કે શહેરનું ખરેખર શું થાય છે.

યોનાના ગ્રંથનો બાકીનો ઘણોખરો ભાગ અહીં ઉતારું છું. કારણ, યોના ગ્રંથના  છેલ્લા ભાગમાં ઈશ્વર અને યોના વચ્ચેના સંબંધ અને વ્યવહારના ખ્યાલ સાથે ઈશ્વર માણસમાત્ર સાથે પણ કેવી રીતે વર્તે છે એનો પણ આપણને થોડો ઘણો ખ્યાલ મળે છે.

"પ્રભુનું કરવું તે એક એરંડાના છોડે ઊગી નીકળી યોનાને માથે છાંયો કરી તેને ઠંડો પાડયો. આ એરંડાના છોડથી યોના ખૂબ ખુશ થયો. પણ બીજે દિવસે પરોઢ થતાં ઈશ્વરનું કરવું કે એક કીડો છોડને ખાવા લાગ્યો અને તે સુકાઈ ગયો. સૂરજ ઊગતાં ઈશ્વરનું કરવું તે પૂર્વમાંથી લૂવાવા લાગી અને યોનાના માથા ઉપર સૂર્યનો તાપ એવો લાગ્યો કે તે મૂર્છા ખાઈને પડયો અને મોત માગવા લાગ્યો. તે બોલ્યો, જીવવા કરતાં મારે માટે મરવું બહેતર છે."

ત્યારે પ્રભુએ કહ્યું, "તને આ છોડને માટે દુઃખ થાય છે, જેને ઉગાડવા તેં કશી મહેનત લીધી નહોતી, જે એક રાતમાં ઊગ્યો હતો અને એક રાતમાં નાશ પામ્યો હતો. તો પછી મને આ મહાનગરી નિનવે માટે દુઃખ ન થાય ? એમાં એક લાખ અને વીસ હજાર બાળકો વસે છે, જેમને સારાસારનું ભાન નથી ! એ ઉપરાંત પુષ્કળ ઢોર વસે છે તે તો જુદાં!"

અહીં એક પદાર્થપાઠ આપીને ઈશ્વર યોનાને જણાવે છે કે ઈશ્વર કરુણાસાગર છેઃ તે બધાને ઈસાયલના શત્રુઓને પણ ક્ષમા આપવા તત્પર છે. યોના ગ્રંથનો સૌથી મોટો બોધપાઠ એ છે કે ઈશ્વર માત્ર પોતાની પસંદ કરેલી પ્રજાની જ મહિ, પણ બધી પ્રજાઓનો ઈશ્વર છે અને તે બધી જ પ્રજાઓની સાર-સંભાળ રાખે છે.

દેખીતી રીતે પોતાનો સંદેશ લોકોને પહોંચાડવા માટે યોના ગ્રંથના લેખકે જબરજસ્ત માછલીની વાત જેવી કેટલીક ચમત્કારિક કલ્પનાઓ અને દષ્ટાંતોની મદદ લીધી છે. છતાં યોના ગ્રંથનો સંદેશ તો સ્પષ્ટ છે. અશુરના લોકો પ્રત્યે યોનાનું વલણ અને ઈશ્વર પ્રભુના વલણ વચ્ચે આકાશ-પાતાળનો તફાવત છે.

પૌરાણિક ઈતિહાસમાં અશુરોનું અસિરિયા રાજ્ય એક મહાન સામ્રાજ્ય હતું. અસિરિયાએ ઈસાયલ જેવાં પડોશી રાજ્યો ઉપર હુમલા ક્વા ઇને લૂટફાટ કરવામાં કશુંય બાકી રાખ્યું નહોતું. એટલે આવા અસિરિયાના પાટનગર નિનવેના લોકો પ્રત્યે યોનાનું વલણ તદ્દન ભિન્ન છે. યોના અસિરિયાના લોકો પ્રત્યે દુશ્મનાવટ રાખતો હોય છે. એટલે ઈશ્વર પ્રભુની દયા અને માફીનો સંદેશ સંભળાવવામાં યોનાને બિલકુલ રસ નથી.

યોનાના આ કોમવાદી વલણની સરખામણીમાં ઈશ્વરના અસિરિયાના લોકો પ્રત્યેનું વલણ ઉદાર છે. ઈશ્વરની દયા અને માફી ફક્ત પોતાની પસંદ કરેલી ઈસાયલી પ્રજા પૂરતી મર્યાદિત નથી. ઈશવરની દયા અને માફી તો બધી પ્રજાઓ માટે છે. સમગ્ર માનવજાત માટે છે.

યોનાના ગ્રંથ દ્વારા ઈશ્વર જાણે ધાંટા પાડીને ઈસાયલી પ્રજાને અને આપણા સૌને પણ જણાવે છેઃ ઈશ્વર પ્રભુ સૌ પ્રજાનો ઈશ્વર છે અને સમગ્ર માનવજાતની ફિકર ચિંતા કરે છે.

(ફરી બદલ્યાની તારીખઃ 16-08-2007)

(ફરી બદલવાની તારીખઃ 01-09-2007)

ફાધર વર્ગીસ પોલ (ઝ) કોપીરાઈટ 2007